વલસાડનાં ગામોમાં યુદ્ધ વગર અંધારપટ

ડુંગરી સબ સ્ટેશન પર સરોણ, સરોંદી અને કુંડી ગામના લોકોનો હોબાળો

એન્જિનિયરોએ સંતોષકારક જવાબ નહીં આપી વીજળી વગર જ ગ્રામજનોને કરંટ આપ્યો

વલસાડ : વલસાડ તાલુકાના સરોણ, સરોંદી અને કુંડી સહિતના આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં તંત્રની બેદરકારીના કારણે અસહ્ય વીજ સંકટ ઊભું થયું છે. વહેલી સવારથી જ કોઈપણ પૂર્વ સૂચના વિના વીજપ્રવાહ બંધ કરી દેવામાં આવ્યો હતો, જે મોડી રાત સુધી શરૂ ન થતાં સ્થાનિક રહીશોની ધીરજ ખૂટી હતી. વીજળીના અભાવે લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ઓપરેશન સિંધૂર વખતે બ્લેક આઉટ જોવા મળ્યો હતો પરંતુ આ વખતે તો વલસાડના ગામડાઓમાં યુદ્ધ વગર જ અંધારપટ દેખાયો હતો.

આ સમગ્ર મામલે ઉશ્કેરાયેલા ગ્રામજનો મોડી રાત્રે ડુંગરી સબ સ્ટેશન ખાતે એકઠા થયા હતા અને તંત્ર સામે આક્રોશ વ્યક્ત કરી હોબાળો મચાવ્યો હતો. સ્થળ પર હાજર રેપ્યુટી એન્જિનિયર દ્વારા વીજળી ક્યારે આવશે તે અંગે કોઈ યોગ્ય કે સંતોષકારક જવાબ આપવામાં આવ્યો ન હતો, જેના કારણે લોકોનો રોષ બેવડાયો હતો.



તંત્રના આ વલણથી નારાજ થઈને ગામજનોએ આજે સવારે 10 વાગ્યે પણ સબ સ્ટેશન ખાતે મોરચો માંડ્યો હતો. લોકોની માંગ છે કે ગ્રામ્ય વિસ્તારોમાં અવારનવાર થતા વીજ કાપની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવામાં આવે અને જવાબદાર અધિકારીઓ સામે યોગ્ય કાર્યવાહી કરવામાં આવે.

મોટર ચાલુ નહીં થતાં પાણી વગર રહેવું પડ્યું

વીજ કંપનીએ સવારે 8 થી સાંજે 6 વાગ્યા સુધી વીજકાપનો મેસેજ આપ્યો હતો. પરંતુ 6 પછી પણ વીજળી ન આવી. વારંવાર સમય બદલાયા છતાં રાત્રે 10:30 વાગ્યા સુધી લાઈટ ચાલુ થઈ ન હતી. લાંબા વીજકાપને કારણે ગ્રામજનોને પીવાના અને વપરાશના પાણી માટે મુશ્કેલી પડી હતી. મોટર ન ચાલતા પાણી મળ્યું ન હતું. નાના બાળકો અને વૃદ્ધોને આખી રાત ગરમીમાં રહેવું પડ્યું.

વારંવાર વીજળી જવાના કારણ

જૂની અને લાંબી વીજ લાઈન (Long Feeders): સબ-સ્ટેશનથી ગામડાંઓ સુધી પહોંચતી 11 KV ની ફીડર લાઈનો ખૂબ લાંબી હોય છે. લાઈન જેટલી લાંબી, તેટલી તેમાં ટેકનિકલ ખામી સર્જાવાની કે વોલ્ટેજ ડ્રોપ થવાની શક્યતા વધી જાય છે.

ઝાડ-પાન અને ડાળીઓનું ઘર્ષણ: ગ્રામીણ વિસ્તારોમાં વીજળીના તારની આસપાસ ઝાડ-પાન વધારે હોય છે. પવન કે વરસાદ વખતે ઝાડની ડાળીઓ તાર સાથે અથડાવાથી સબ-સ્ટેશનમાંથી ઓટોમેટિક ટ્રિપિંગ (ફોલ્ટ સેફ્ટી) થઈ જાય છે.

ઓવરલોડિંગ અને ટ્રાન્સફોર્મર પર ભાર: ખેતીવાડીની સિઝનમાં બોરવેલ/મોટરનો વપરાશ વધવાને કારણે અથવા ઘરગથ્થુ વીજ વપરાશ વધવાથી ટ્રાન્સફોર્મર ઓવરલોડ થાય છે, જેથી ફ્યુઝ ઉડી જવા કે ટ્રાન્સફોર્મર બળી જવાના બનાવો બને છે.

હવામાનની અસર: ચોમાસામાં ભેજ અને ભારે પવન, તથા ઉનાળામાં સબ-સ્ટેશનના સાધનો ગરમ થઈ જવાને કારણે શોર્ટ સરકિટ અને ઇન્સ્યુલેટર ફેઈલ થવાની સમસ્યાઓ રહે છે.

મેઇન્ટેનન્સ અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર: લાઈનોનું સમયસર પ્રી-મોન્સૂન મેઇન્ટેનન્સ (પ્રી-મોન્સૂન કામગીરી) ન થવું અથવા જૂના થઈ ગયેલા વાયરો તથા ઇન્સ્યુલેટર્સ બદલવામાં વિલંબ થવો.

ભીનાર ગામે દીપડો ખેંચી ગયેલા 3 વર્ષના બાળકનો મૃતદેહ મળ્યો



વન વિભાગ સહિત ગ્રામજનોની શોધખોળ બાદ 3 કલાકે લાશ મળી

ઘટનાના થોડા જ કલાક પહેલાં રાયાવાડીમાં બાઈકસવાર પર દીપડાનો હુમલો

વાંસદા તાલુકાના રૂપવેલ ગામના રાયાવાડી ફળિયામાં રહેતા ચંદ્રકાંત નાથુભાઈ પટેલ સાંજના આશરે 6:30 વાગ્યાના અરસામાં બાઈક લઈને ચાર રસ્તા પરથી પસાર થઈ રહ્યા હતા. તે દરમિયાન રસ્તાની બાજુમાંથી અચાનક એક દીપડો દોડી આવ્યો હતો અને ચાલુ બાઈક પર જ ચંદ્રકાંતભાઈ પર હુમલો કર્યો હતો. જોકે, ચંદ્રકાંતભાઈએ હિંમત દાખવી દીપડાના પંજામાંથી છટકી બાઈક હંકારીને ત્યાંથી નીકળી જવામાં સફળ રહ્યા હતા. આ દરમિયાન દીપડાનો પંજો તેમના હાથ પર વાગતાં તેમને ઈજા પહોંચી હતી.

વાંસદા: વાંસદાના ભીનાર ગામના કુંભાર ફળિયામાં રાત્રિના સમયે ઘરના આંગણામાંથી આશરે ત્રણ વર્ષના બાળકને દીપડો ખેંચી ગયો હતો, તે બાળકની મોડી રાત્રે 3 કલાક શોધખોળ બાદ ઝાડી ઝાંખરામાંથી લાશ મળી આવી હતી.

ચીખલીના ગોડથલ ગામે રહેતા અરુણભાઈ ભગુભાઈ પટેલનાં પત્ની મિતલબેન તેમના પિયર વાંસદા તાલુકાના ભીનાર ગામે કુંભાર ફળિયામાં ખાતે આવ્યા હતાં. દરમિયાન સોમવારે સાંજે ૭:૩૦ કલાકે મિતલબેન તેમના ૨.૫ વર્ષનાં પુત્ર આરવને ઘર બહાર કુદરતી હાજતે બેસાડ્યો હતો, તે દરમિયાન અચાનક દીપડો ત્યાં આવી પહોંચ્યો હતો અને આરવને ઊંચકી જઈ નજીકના ખેતર તરફ લઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં પરિવારજનો તેમજ આસપાસના રહેવાસીઓ તાત્કાલિક ખેતરોમાં દોડ લગાવી હતી. જોકે, બાળકનો કોઈ પત્તો મળ્યો ન હતો. વાંસદા વન વિભાગને જાણ કરતા વન વિભાગની ટીમ તાત્કાલિક પહોંચી હતી અને દીપડા તથા બાળકને શોધવા માટે કામગીરી હાથ ધરી હતી. ઘરથી થોડા અંતરે ખેતરમાં લોહીના નિશાન મળી આવતા દીપડો બાળકને ત્યાંથી લઈ ગયો હોવાની આશંકા થયા બાદ ઘરથી ૫૦૦ મીટર દૂર ઝાડીઝાંખરામાંથી આરવ મૃત હાલતમાં મળી આવ્યો હતો. જે બાદ વાંસદા વન વિભાગે દીપડાને પકડવા પાંજરા મૂકી દીપડાને પકડવાની તજવીજ હાથ ધરી છે.

વલસાડ ડિસ્ટ્રિક્ટ સેન્ટ્રલ કો-ઓપરેટિવ બેંકની

ગણદેવી શાખાના પૂર્વ મેનેજર સામે રૂા. 64.69ની ઉચાપતની ફરિયાદ

હેડ ઓફિસના ખાતામાંથી નાણાં ઉપાડી ગ્રાહકોના ખાતામાં ઉધારી ખોટાં વાઉચરો બનાવ્યાં

બીલીમોરા: ગણદેવી સ્થિત ધી વલસાડ ડિસ્ટ્રિક્ટ સેન્ટ્રલ કો-ઓપરેટિવ બેંકની શાખાના પૂર્વ મેનેજર, સંજય જાની સામે ગણદેવી અને ખારા અબ્રામાની શાખામાં ફરજ કાળ દરમિયાન કુલ રૂ.૮૩.૬૬ લાખની ઉચાપત અને ગેરરીતિની પોલીસમાં ફરીયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત માહિતી મુજબ, આરોપી સંજય રસિકલાલ જાની (મૂળ રહે., મહેસાણા અને હાલ રહે., મુક્તાનંદ એપાર્ટમેન્ટ નૂતન સોસાયટી, નવસારી.) બેન્ક મેનેજર તરીકે પોતાના ફરજ કાળમાં સત્તાનો દુરુપયોગ કરીને હેડ ઓફિસના, બેન્ક ખાતામાંથી ખોટી રીતે રકમ ઉપાડી ગ્રાહકોના ખાતામાં બહાર જમા કરીને ખોટા ઉધાર વાઉચરો બનાવી ઉચાપત કરી હતી. ત્યાર પછી બેંકનાં રેકોર્ડ સાથે છેડછાડ કરીને ગ્રાહકોને રકમ જમા કરાવ્યાના પુરાવા ઊભા કર્યા હતા. તા.૦૪/૧૨/૧૭ થી ૧૧/૧૧/૨૦૨૧ દરમિયાન મેનેજરે હેડ ઓફિસના ખાતામાંથી તેમની બેન્કનાં ગ્રાહકોનાં અલગ-અલગ ખાતાઓમાં રકમ ઉધારી હતી. જેનો કુલ રૂ.૮૩.૬૬ લાખની રકમ પોતાના અંગત ઉપયોગ માટે ઉચાપત કરી હતી. જાણ થતાં બેન્કએ રકમ જમા કરાવવા દબાણ કરતાં મેનેજરે કુલ રૂ.૧૪.૨૭ લાખ જમા કરાવ્યા હતા. પરંતુ બાકી રૂ.૬૯.૪૯ લાખ જમા નહીં કરાવવાની બેન્ક દ્વારા ફરિયાદમાં જણાવાયું છે. આ સમગ્ર મામલે બેંકના રેકોર્ડ, ગ્રાહકોના ખાતા તથા વાઉચરોની તપાસમાં મામલો બહાર આવ્યો હતો. આ, અંગે, બેન્કનાં આઇ.ટી.વિભાગ તરફથી ગણદેવી પોલીસમાં પૂર્વ મેનેજર સંજય જાની સામે ઉચાપત અને ગેરરીતિની ફરીયાદ નોંધાવી હતી. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

નવસારીમાં 5મા દિવસે પણ કોર્ટની કામગીરી પ્રભાવિત

તાત્કાલિક દસ્તાવેજી કામગીરી ધરાવતા લોકોને વૈકલ્પિક વ્યવસ્થા શોધવાની ફરજ પડી

નવસારી: 'ગુજરાત ભાડા વિધેયક, સને-૨૦૨૬'ને લઈને રાજ્યભરમાં ચાલી રહેલા વિરોધના ભાગરૂપે નવસારીના વકીલોની કામગીરીથી અલિપ્ત રહેવાની કાર્યવાહી પાંચમા દિવસે પણ ચાલુ રહી હતી.

વકીલોની હડતાળને કારણે કોર્ટ પરિસરમાં નિયમિત દિવસોની સરખામણીએ કાનૂની કામગીરી પર અસર જોવા મળી હતી. સાથે જ નોટરી સેવા પણ બંધ રહેતાં વિવિધ દસ્તાવેજો માટે નોટરી કરાવવા આવતા નાગરિકો અને અરજદારોને મુશ્કેલી પડી રહી છે. તાત્કાલિક દસ્તાવેજી કામગીરી ધરાવતા લોકોને વૈકલ્પિક વ્યવસ્થા શોધવાની ફરજ પડી રહી છે.

બાર એસો.ના પ્રમુખ નેવિલ એમ. પટેલે જણાવ્યું હતું કે, સરકાર તરફથી યોગ્ય ઉકેલ ન આવે ત્યાં સુધી આંદોલન ચાલુ રાખવાની સ્થિતિ હોવાનું તેમણે જણાવ્યું હતું. જોકે, પક્ષકારોના હિતને ધ્યાનમાં રાખીને જામીન અરજીઓ તેમજ હાઈકોર્ટના નિર્દેશ અનુસાર તાત્કાલિક અને જરૂરી કેસોમાં કામગીરી ચાલુ રાખવામાં આવી રહી છે. નોટરી સહિતની સેવાઓ લાંબા સમય સુધી બંધ રહે તો સામાન્ય અરજદારોને વધુ મુશ્કેલી પડી શકે તેમ હોવાથી સમગ્ર મામલે વહેલી તકે ઉકેલ આવે તેવી અપેક્ષા વ્યક્ત થઈ રહી છે.

ગણદેવીની જીવાદોરી દેવધા ડેમ ઉપર તમામ ૪૦ દરવાજા બંધ કરાયા

૬.૪૫ MCM જેટલો વિશાળ જળભંડાર સંગ્રહિત, 7440 એકર જમીનમાં સિંચાઈ સુલભ બનશે



બારીયા

બીલીમોરા: ગણદેવી તાલુકામાં ૮૭.૧૨ ઇંચ (૨૧૭૮ મીમી) વરસાદ બાદ ચોમાસાઋતુની વિદાય થઈ છે. ત્યારે ગણદેવી તાલુકાની જીવાદોરી સમાન દેવધા ડેમ ઉપર ૪૦ દરવાજા મંગળવારે બંધ કરાયા હતા. જેને પગલે નવરાત્રિ ટાણે ૬.૪૫ MCM વિશાળ જળભંડાર સંગ્રહિત થશે. જેનાં થકી ૨૯ ગામોની ૩૦૧૦.૮ હેક્ટર (૭૪૪૦ એકર) જમીનમાં સિંચાઈ સુલભ બનશે. ૫૦૦ મીટર લાંબા અને પાંચ મીટર પહોળા ડેમમાં ૧ એક મીટર ઊંચા અને ૪ મીટર પહોળા ૪૦ દરવાજાઓ છે. જે થકી ડેમની અપસ્ટ્રિમમાં ૬.૪૫ (એમસીએમ) મિલિયન ક્યુબિક મીટર જેટલો વિશાળ ભંડાર એકત્ર કરી શકાય છે. ડેમના કેચમેન્ટ વિસ્તારમાં વિશાળ જળસંગ્રહથી તાલુકાના ખેતી, ઉદ્યોગ સહિત પીવાના પાણીની સમસ્યા હલ થશે. ડેમના કેચમેન્ટ વિસ્તારની વેંગણિયા અને પનિહારી નદીઓમાં જળસ્તર વધશે. પરીણામે બંધારા પુલ ધોબીઘાટ પણ ફરી સજીવન બનશે. શ્રમજીવીઓ વર્ષભર મચ્છી પકડી કમાણી કરશે.

તાલુકાનાં 29 ગામમાં વર્ષભરની પાણીની તકલીફનો અંત

ગણદેવી નગરપાલિકા, બીલીમોરા નગરપાલિકા અને દેવધા કરોડ જૂથ પાણી પુરવઠા યોજના પણ દેવધા ડેમ આધારિત છે. તાલુકાનાં ૨૯ જેટલા ગામોમાં વર્ષભર પાણીની તકલીફોનો અંત આવશે. ડેમની અપ સ્ટ્રીમમાં નવસારીના બોરીયાચ ટોલથી બે-ત્રણ કિમી દૂર સુધી જળસંગ્રહ થાય છે.

ગટરનું તૂટેલું ઢાંકણ કોઈનો ભોગ લેશે



■ નવસારી: શહેરના કાશીવાડી વિસ્તારમાં મોહમ્મદી બંગ્લોઝ સામે રિંગ રોડ પર ગટરનું ઢાંકણું તૂટી જતાં માર્ગની સલામતી સામે સવાલો ઊભા થયા છે. વાહનોની સતત અવરજવર ધરાવતા આ માર્ગ પર ગટરનો ખુલ્લો ભાગ અકસ્માતનું કારણ બની શકે તેવી સ્થિતિમાં જોવા મળી રહ્યો છે. ખાસ કરીને રાત્રિના સમયે પૂરતા પ્રકાશના અભાવે તૂટેલું ઢાંકણું વાહનચાલકોને સરળતાથી નજરે ન પડે તેવી સ્થિતિ સર્જાઈ રહી છે. બે-પૈયા વાહનચાલકો માટે તો આ સ્થળે અચાનક ખાડો જોખમી બની શકે છે.

કાશીવાડીમાં ગાંજાના જથ્થા સાથે ૭૧ વર્ષીય વૃદ્ધ ઝડપાયો

નવસારી: નવસારી એન્ટી નાર્કોટિક્સ વિંગે બાતમીના આધારે કાશીવાડી વિસ્તારમાં દરોડો પાડી ગાંજાના જથ્થા સાથે ૭૧ વર્ષીય શખ્સને ઝડપી પાડ્યો છે. મસ્જિદે નૂર સામે આવેલા મકાન નંબર ૬૯૦માં તપાસ હાથ ધરતાં છ પ્લાસ્ટિકની કોથળીઓમાંથી ૨૬.૨૯ ગ્રામ ગાંજો મળી આવ્યો હતો, જેની કિંમત રૂ. ૧,૩૧૪.૫૦ હોવાનું પોલીસે જણાવ્યું છે. પોલીસે કુલ રૂ. ૨,૩૧૪.૫૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ મામલે મકાનમાલિક મહમદસઈદ અબ્દુલસત્તાર શેખની ધરપકડ કરવામાં આવી છે. આ જથ્થો સુરતના અશ્વિનીકુમાર રેલવે પાટા નજીક રહેતા સુલેમાન પાસેથી લાવ્યો હોવાની માહિતી મળતા સુલેમાનને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી છે.

ડાંગમાં ATVT યોજનાના રૂ.૪.૫ કરોડનાં વિકાસ કામોને લઈ વિવાદ

આહવા તાલુકા સદસ્યોને વિશ્વાસમાં લીધા વિના મંજૂરી અપાતી હોવાનો આક્ષેપ

ન્યાય નહીં મળે તો હાઈકોર્ટમાં રિટ કરવાની ચીમકી

સાપુતારા: ડાંગ જિલ્લા આયોજન કચેરી દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ માટે ATVT (વિકાસશીલ તાલુકા) યોજના હેઠળ આહવા, વઘઈ અને સુબીર તાલુકા માટે મંજૂર કરવામાં આવેલા કુલ રૂ.૪૫૦ લાખના વિવિધ વિકાસ કામોના આયોજનને લઈને સ્થાનિક જનપ્રતિનિધિઓમાં નારાજગી જોવા મળી રહી છે. આ અંગે તાલુકા પંચાયત આહવાના સદસ્ય રાકેશભાઈ ભરતભાઈ પવારે વિકાસ કમિશનર તેમજ જિલ્લા વિકાસ અધિકારીને લેખિત રજૂઆત કરી સમગ્ર પ્રક્રિયા અંગે ગંભીર આક્ષેપો કર્યા છે.

રજૂઆતમાં જણાવ્યા મુજબ, ચૂંટાયેલા સ્થાનિક જનપ્રતિનિધિઓ એવા તાલુકા સદસ્યોને વિશ્વાસમાં લીધા વિના, તેમની સાથે કોઈ ચર્ચા કે પરામર્શ કર્યા વગર વિકાસ કામો નક્કી કરવામાં આવી રહ્યા છે. એટલું જ નહીં, સમગ્ર પ્રક્રિયાની જાણકારીથી જનપ્રતિનિધિઓને દૂર રાખવામાં આવતા હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે. રજૂઆતમાં વધુમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે તાલુકા પંચાયત દ્વારા જરૂરી કમિટી રચ્યા વિના વિકાસ કામોની પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે અને કેટલાક કામો પોતાના માનીતા લોકોને ફાળવવામાં આવી રહ્યા છે. જોકે, આ અંગે સંબંધિત તંત્ર તરફથી સત્તાવાર સ્પષ્ટતા સામે આવી નથી.

રજૂઆતના અંતે જણાવાયું છે કે જો આ સમગ્ર મામલે યોગ્ય અને ન્યાયી કાર્યવાહી કરવામાં નહીં આવે તો ચૂંટાયેલા જનપ્રતિનિધિઓના અધિકારો અને લોકશાહી મૂલ્યોના રક્ષણ માટે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં રિટ પિટિશન દાખલ કરવામાં આવશે. જરૂર જણાય તો સંબંધિત ક્ષેત્રાધિકાર ધરાવતી અદાલતમાં પણ કાયદાકીય કાર્યવાહી હાથ ધરવાની ચીમકી આપવામાં આવી છે.

પારડીના દારૂના ગુનામાં ફરાર આરોપી સેલવાસથી ઝડપાયો

પારડી: પારડી પોલીસે બાતમીના આધારે પ્રોહિબિશનના ગુનામાં વોન્ટેડ આરોપી શ્રવણલાલ ભવરલાલ સુથારની સેલવાસના નરોલીથી અટકાયત કરી હતી. પકડાયેલો આરોપી અગાઉ પણ નવસારી રૂરલ પોલીસ સ્ટેશન, ડુંગરા, વાપી સહિત પ્રોહિબિશનના ગુનામાં સંડોવાયેલ હોવાનું બહાર આવ્યું છે.

શું તમે આંતલિયાના નવા શોરૂમમાં પધાર્યા નથી ?

બીલીમોરા સ્ટેશનથી ફક્ત 5-7 મિનિટ | ચીખલી ચોકડીથી ફક્ત 8-10 મિનિટ

મજુરી

નવસારીથી - વલસાડથી - વાંસદાથી ફક્ત 30 મિનિટ

R.A. Parikh Jewellers NX

5.9%*

નવસારી કે સુરતમાં અમારી કોઈ બ્રાંચ નથી.

ચીખલી - બીલીમોરા રોડ, આંતલીયા, બીલીમોરા. (પૂર્વ) Mo. 98255 58181

જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામ ને જાહેર નોટીસથી જણાવવાનું કે, જી. નવસારીના તા. નવસારીના મોજે મોગાર ગામમાં આવેલ ખેડખાતાની જુની શરતની જમીન જેની વિગત નીચે મુજબ છે.

ગામનું નામ	બ્લોક નં.	હે.આરે.ચો.મી.	આકાર રૂા.	ખાતા નંબર
મોગર, તા. જી. નવસારી	૪૪૮/૨	૦-૩૧-૩૬.૫૦ પૈકી ૦-૧૫-૬૮.૨૫ પશ્ચિમ દિશા તરફની જમીન	૩.૪૦	૭૨૯

ઉપરોક્ત કોષ્ટકમાં બતાવેલ જમીન (૧) મર્હુમ હરિશભાઈ છગનભાઈ, (૨) મણિભાઈ છગનભાઈ, (૩) રંજનબેન હરિશભાઈ પટેલ, (૪) પીંકલ હરિશભાઈ પટેલ, (૫) અંકિતાબેન હરિશભાઈ પટેલ, (૬) રમણભાઈ બુધાભાઈ પટેલનો હિસ્સો (હે.આરે.ચો.મી. ૦-૧૫-૬૮.૨૫ પૂર્વ દિશા તરફ) નાઓના નામે ચાલી આવેલ છે. જે કુલ જમીન પૈકી (૧) મર્હુમ હરિશભાઈ છગનભાઈ, (૨) મણિભાઈ છગનભાઈ, (૩) રંજનબેન હરિશભાઈ પટેલ, (૪) પીંકલબેન હરિશભાઈ પટેલ, (૫) અંકિતાબેન હરિશભાઈ પટેલનાઓનો (હે.આરે.ચો.મી. ૦-૧૫-૬૮.૨૫ પશ્ચિમ તરફની જમીન) નો હિસ્સો ચાલી આવેલ છે. જે પશ્ચિમ દિશા તરફની હે.આરે.ચો.મી. ૦-૧૫-૬૮.૨૫ જમીન હમારા અસીલને ચોખ્ખા માર્કેટેબલ ટાઈટલ વાળી બોજા રહિત હોવાનું જણાવી કિંમતી અવેજ બદલ વેચાણ આપવાનું નક્કી કરેલ છે. સબબ આ વેચાણના વ્યવહાર અંગે કોઈપણ ઈસમને કે સંસ્થાને કોઈપણ રીતે કે પ્રકારે વાંધા-હરકત હોય અગર આ જમીનમાં કોઈપણ ઈસમનાં કે સંસ્થાના કાયદેસરના હકક, હિત, અધિકાર સમાયેલા હોય કે સાટાખત, સોદાચીઠ્ઠી કે તે મતલબના કોઈ લેખિત લખાણો કરેલા હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન-૭ માં જે તે વાંધા, હરકત કે હકક, હિત, અધિકાર સંબંધિત લેખિત રજુઆતો હમારા અસીલ તરફે/વતી હમોને રજુ કરવી જોનિયત સમયમાં કોઈપણ પ્રકારની રજુઆતો કરવામાં આવશે નહિ, તો મુદત વિત્યે હમારા અસીલ ઉપરોક્ત જમીનના માલિકો પાસેથી કાયદેસરનો રજીસ્ટર વેચાણ દસ્તાવેજ નોંધાવી લેશે અને ત્યારબાદ કોઈપણ પ્રકારના વાંધા, હરકત હમારા અસીલને બંધનકર્તા રહેશે નહીં. જેની સ્પષ્ટ કાયદેસરની નોંધ લેવા વિનંતી.

હમારા અસીલની સુચનાથી,

તા. ૦૬-૧૦-૨૦૨૬ **સાગર આર. પંડ્યા** (એડવોકેટ)

૧૩, વ્હાઈટ હાઉસ બિલ્ડીંગ, કાલિયાવાડી, નવસારી, તા. જી. નવસારી. મો.: 84859 50448

નવસારીમાં જન્મ-મરણના દાખલા માટે બે મહિનાની જોવી પડતી રાહ

મનપામાં ખાવા પડતા ધક્કા, યોગ્ય વ્યવસ્થા કરવા માંગ ઊઠી

નવસારી: નવસારી મહાનગરપાલિકામાં જન્મના દાખલા મેળવવા માટે કરાયેલી કેટલીક અરજીઓના નિકાલમાં વિલંબ થતો હોવાની વિગતો સામે આવી છે. જન્મ અને મરણના દાખલા નાગરિકો માટે મહત્ત્વના દસ્તાવેજો હોવાથી તેનો સમયસર નિકાલ થાય તે જરૂરી છે.

મળતી માહિતી મુજબ, એક અરજદારે પોતાના સંતાનોના જન્મના દાખલા મેળવવા માટે 19 ઓગસ્ટ 2026ના રોજ અરજી કરી હતી. અરજી કર્યા બાદ અંદાજે બે મહિના જેટલો સમય વીતી ગયો હોવા છતાં હજુ સુધી દાખલા મળ્યા ન હોવાનું અરજદારનું કહેવું છે. અરજદાર દ્વારા સંબંધિત વિભાગમાં પૂછપરછ કરવામાં આવતા હજુ થોડો સમય લાગશે અને અંદાજે 15 દિવસમાં કામગીરી પૂર્ણ થવાની માહિતી આપવામાં આવતી હોવાનું જાણવા મળે છે.

જન્મનો દાખલો દસ્તાવેજી પ્રક્રિયામાં ઉપયોગી બનતો હોવાથી પ્રમાણપત્ર મેળવવામાં વિલંબ થાય તો નાગરિકોને તેમની આગળની કામગીરીમાં મુશ્કેલી પડી શકે છે. તેથી અરજીઓની પ્રક્રિયા ઝડપથી પૂર્ણ થાય અને અરજદારોને વારંવાર કચેરીનો સંપર્ક ન કરવો પડે તેવી વ્યવસ્થા અંગે ધ્યાન આપવા માંગ ઊઠી છે. આ મામલે મનપા તંત્ર દ્વારા પેન્ડિંગ અરજીઓની સમીક્ષા કરી જરૂરી કાર્યવાહી કરવામાં આવે અને જન્મ-મરણના દાખલાની અરજીઓનો સમયસર નિકાલ થાય તેવી અપેક્ષા નાગરિકોમાં વ્યક્ત થઈ રહી છે. સાથે જ અરજદારોને તેમની અરજીની સ્થિતિ અંગે યોગ્ય માહિતી સરળતાથી મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવે તો લોકોને વધુ સુવિધા મળી શકે તેમ છે.

નવસારીમાં ગરમીનો પારો ૩૫.૩ ડિગ્રી, સવારથી જ બફારો

દિવસ અને રાત્રિના તાપમાન વચ્ચે ૧૦.૫ ડિગ્રીનો તફાવત

નવસારી: ઓક્ટોબર શરૂ થઈ ગયો હોવા છતાં નવસારીમાં ગરમીમાંથી હજુ રાહત મળી નથી. નવસારી કૃષિ યુનિવર્સિટીના ૬ ઓક્ટોબરના હવામાન આંકડા મુજબ મહત્તમ તાપમાન ૩૫.૩ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. સાથે જ સવારે ૯૦ ટકા ભેજ રહેતાં સવારથી જ વાતાવરણમાં ભારે બફારો અનુભવાયો હતો. લઘુતમ તાપમાન ૨૪.૮ ડિગ્રી નોંધાયું હતું. એટલે દિવસ અને રાત્રિના તાપમાન વચ્ચે ૧૦.૫ ડિગ્રીનો તફાવત રહ્યો હતો. પવન પણ માત્ર ૨ કિમી પ્રતિ કલાકની ઝડપે દક્ષિણ-પશ્ચિમ દિશામાંથી ફૂંકાતા હવામાં ઠંડકનો અનુભવ ખાસ થયો ન હતો. સવારનો ઊંચો ભેજ અને દિવસનું ૩૫ ડિગ્રીથી વધુ તાપમાન મળીને નવસારીમાં 'ઉકળતા ઓક્ટોબર' જેવો માહોલ સર્જી રહ્યા છે. સાંજે ભેજ ઘટીને ૬૦ ટકા થતાં થોડી રાહત મળી હતી. આગામી દિવસોમાં તાપમાન અને ભેજના આંકડામાં થતા ફેરફારો પર સૌની નજર રહેશે.

નવસારી જિલ્લામાં રેલવે ટ્રેક પર બે જીવલેણ બનાવમાં યુવક અને વૃદ્ધાનું મોત

નવસારી: વિજલપોર પોલીસ મથકની હદમાં ગાંધી સ્મૃતિ રેલવે સ્ટેશન નજીક મૂળ ઉત્તર પ્રદેશના ફતેપુરના ખનસેનપુર ગામનો અને હાલ નવસારીમાં મજૂરીકામ કરતો સુરજ ચુન્નીલાલ ચમારનું ટ્રેનની અડફેટે આવતા મોત થયું હતું. બીજી ઘટના ગણદેવી પોલીસ મથકની હદમાં અમલસાડ રેલવે ફાટક નજીક મૂળ ડાંગ જિલ્લાના આહવાના માલેગાંવના અને હાલ અમલસાડના ઘાંચીવાડ વિસ્તારમાં રહેતા 65 વર્ષીય નયનાબેન વલ્લભભાઈ દરજી મુંબઈથી સુરત તરફ જઈ રહેલી માલગાડીની અડફેટે આવી જતાં તેમનું મોત નીપજ્યું હતું.